છ લાખ પશુપાલકોના વટ્ટ વચન અને વ્યવહારને સાચવતી સંસ્થા

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

Amul The Taste of India

Dudhsagar The Pride of India

અંક - ૦૯ । માર્ચ - ૨૦૨૨

www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## પારદર્શક વહિવટનું મીઠુ પરિણામ : દૂધસાગરનો ખરીદ ભાવ આજથી રૂા. 700

**દૂધસાગર ડેરી સાથે જોડાયેલા છ લાખ પશુપાલક પરિવારોને શિવરાત્રીની ભેટ આપતાં આજે પૂર્વ સંધ્યાએ સંસ્થાના યશસ્વી તથા પારદર્શક દર્શક વહિવટના પ્રણેતા ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી તથા નિયામક મંડળે પોતાના શાસન દરમ્યાન દૂધનો ખરીદ ભાવ ત્રીજી વાર વધારતાં રૂા.૨૦ ના ભાવ વધારા સાથે ૭૦૦ ની સપાટીએ લાવી દીધો. નોંધનીય છે કે ; શાસનના શરૂઆત ના દિવસોમાં પ્રથમ દબક્કામાં રૂા.૧૦- ત્યાર બાદ રૂા.૨૦ અને વહિવટના બીજા વર્ષની શરૂઆતમાંજ રૂા.૨૦ નો આજથી (તા.૦૧-૦૩-૨૦૨૨) વધારો જાહેર કરી સાચા અર્થમાં દૂધ સાગરનો પ્રાણદાતા પશુપાલક છે તે સાબિત થયું છે !!**

# દૂધ- છાસનું ગ્રામીણ વેચાણ **૧૧૬** લિટરથી **૨૬૨૪૮** લિટરે પહોંચ્યું

# ટેન્કર સફરની શાનદાર સફળતા



**(અહેવાલ : દૂધસાગર પત્રિકા)**

વિતેલા દશ વર્ષ દરમ્યાન દૂધસાગર ડેરીમાં સર્જાયેલી વહિવટીય અકુશળતાને પગલે પશુપાલકોને ગુજરાતની અન્ય સંઘોની ડેરીઓની સમકક્ષ દૂધના ભાવ ન મળવાને પરિણામે, એક સર્વે અનુસાર વિતેલા આ દશ વર્ષોમાં દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં 33 થી વધુ ખાનગી ડેરીઓએ પગપેસારો કર્યો હતો. આ ખાનગી ડેરીઓને આપણા વિસ્તારમાં સસ્તા ભાવથી દૂધ મળતું હોવાના પરિણામે તેઓ દૂધ સંપાદન કરી અહીંના સ્થાનિક શહેરો સાથે ગામડાઓમાં દૂધ અને છાસ વિતરણ કરી ઓછા ખર્ચે વધુ નફો મેળવી શકે તેવું સ્થાનિક બજાર ઉભું કરવામાં સફળ રહયા હતા.

અમૂલ ફેડરેશનના COO શ્રી જયન મહેતા તથા મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના વર્તમાન ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરી અને આપણી સંસ્થાના MD શ્રી. ધીરજકુમાર આ બાબતને લઈ શરૂઆતથી જ ચિંતીત હતા. ખાનગી ડેરીઓ અહીંના જ વિસ્તારમાંથી જ દૂધ સંપાદન કરી તેને પાઉચ પેકીંગ કરી અહીંના જ બજારમાં તેની વેચાણ વ્યવસ્થા ઉભી કરવામાં સફળ રહી હતી  અને આપણો જ માલ - આપણને વેચી પોતાના પાયા મજબૂત કરી રહી હતી.

ગત તા.૧૯ ઓગષ્ટ ૨૦૨૧ ના રોજ ચેરમેનશ્રી ના સૂચન અનુસાર દૂધસાગર ડેરીના MD સહિતના ૯૭ અધિકારીઓએ દૂધસાગરના ટેન્કરોમાં બેસી ૯૭ રૂટના ૭૩૦ ગામડાઓની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન તેઓએ ગામડાઓની સ્થાનિક દૂધ મંડળીઓ સહિત જે તે ગામની ખાનગી દુકાનો અને સ્થાનિક લોકોને મળી ગામડાઓના બજારમાં અમૂલ - સાગર સીવાય બીજી ખાનગી ડેરીઓની કેટલી અને કઈ ? પ્રોડક્ટસ્ વેચાય છે તેની જાત માહિતી મેળવી એક એક્શન પ્લાન ઘડી સ્થાનિક ગ્રામીણ બજારમાં પગપેસારો કરવામાં સફળ રહેલી ખાનગી ડેરીઓ સામે પોતાનું બજાર ઉભુ કરવાની કવાયત હાથ ધરી હતી.

આ એક્શન પ્લાન પ્રમાણે ગામડાઓમાં અમૂલ-સાગર નું દૂધ, છાસ વેચવા સૌ પ્રથમ સમગ્ર વિસ્તારને આવરી લેતા ૧૨ મુખ્ય કેન્દ્રરૂટ ઉભા કરવામાં આવ્યા અને આ ૧૨ મુખ્ય કેન્દ્રોમાંથી દૂધ છાસનું વિતરણ કરતા ડીલરોના ૭૮ પેટા કેન્દ્રરૂટ બનાવી શિયાળાની ઋતુમાં જ ગામડાઓમાં અમૂલ-સાગર ની પ્રોડક્ટ અંગે વિશ્વાસ ઉભો થાય અને આગામી ઉનાળાની ઋતુમાં ગ્રામીણ બજારનો વિશ્વાસ સંપાદન કરી શકાય તે અંગેની ચોક્કસ રણનીતી ઘડવામાં આવી. અભ્યાસને અંતે  કરકસરના ભાગરૂપે ; મુખ્ય ૧૨ કેન્દ્રરૂટોને ઘટાડી ૯ તથા ૭૮ પેટાકેન્દ્રરૂટોને ઘટાડી ૫૫ રૂટ ફાઈનલ કરવામાં આવ્યા અને ત્યારબાદ , આ ટેન્કર મુલાકાતના ઠીક ૨ માસ બાદ તા.૧૯-૧૦-૨૦૨૧ ના રોજ દૂધસાગરના જાગૃત મેનેજમેન્ટે ખાનગી ડેરીઓના ગ્રામીણ બજાર ઉપર પ્રથમ પ્રહાર કર્યો.



આ ટેન્કર મુલાકાતના ઠીક ૨ માસ બાદ તા.૧૯-૧૦-૨૦૨૧ ના રોજ દૂધસાગરના જાગૃત મેનેજમેન્ટે ખાનગી ડેરીઓના ગ્રામીણ બજાર ઉપર પ્રથમ પ્રહાર કર્યો અને પ્રથમ દિવસે ૧૧૬ લિટર દૂધ છાસથી શરૂ કરેલ વેચાણ ૧૫ દિવસમાં  ૧૭૧૪ લિટર - એક માસમાં ૧૩૬૫૭ લિટર - ગત જાન્યુઆરી : ૨૦૨૨ માં ૧૫૭૧૩ લિટર, હાલ ફેબ્રુઆરીમાં પ્રતિદીન ૨૬૨૪૮ લિટરનું  વેચાણ થઈ રહ્યું છે જે આગામી મે મહિના સુધીમાં પ્રતિદિવસ ૫૦૦૦૦ લિટર સુધીના વેચાણનું લક્ષાંક રાખવામાં આવ્યું છે.

# એક પૈસાના ખર્ચ વિના આપણી પાસે હયાત સંશાધનો દ્વારા જ આપણે માત્ર વહિવટીય સુઝબુઝ અને જાગૃતિથી અમૂલ અને આપણી દૂધસાગર માટે એક વિશાળ ગ્રામીણ બજાર ઉભું કરવામાં સફળ રહ્યા છીએ : શ્રી. અશોકભાઈ ચૌધરી

પ્રથમ દિવસે માત્ર **૧૧૬ લિટર** દૂધ છાશ સાથે સ્થાનિક ગ્રામીણ બજારના મેદાનમાં ઉતરેલી દૂધસાગર ડેરીએ મુખ્ય કેન્દ્રરૂટમાં ઘટાડો કરી ૬ હબરૂટ અને ૧૨ પેટારૂટ બનાવી કરકસર સાથે પ્રથમ ૧૫ દિવસમાં જ દૂધ છાશનું ગ્રામ કક્ષાએ વેચાણ **૧૭૧૪ લિટર** સુધી પહોંચાડ્યું. આ અભ્યાસ દરમ્યાન જાણવા મળ્યું કે ; ખાનગી ડેરીઓ દ્વારા ગામડામાં પસંદ કરાતી થોડી ખટાશ પડતી છાશ ના નાના પેકીંગ તેમજ રૂ.૧૦ ની આસપાસની દૂધની થેલીઓ (ઢબુડી) નું વેચાણ ખૂબ કરી રહી છે તથા વગડામાં રહેતા ખેતમજૂરો અને ઈંટવાળાના કામદારો ૪૫ દિવસ સુધી ન બગડે તેવું અમૂલ મોતી દૂધ માંગી રહ્યા છે. ગ્રામ્યજનોની આ માંગને પૂર્ણ કરવા દૂધસાગર પણ પોતાના પ્રોડક્ટને માંગણી પ્રમાણે નાના બનાવી ઉત્સાહ પૂર્વક ગ્રામીણ બજારને સર કરવા કટીબધ્ધ બની અને ત્યારબાદના એક માસ પછી ૪૪ પેટારૂટો સાથે દૂધ છાશનું વેચાણ **૧૩૬૫૭ લિટર** સુધી સફળ રહી - મુખ્ય કેન્દ્રરૂટ પરથી ડીલરો પોત-પોતાના વિસ્તારમાં દૂધની આ બનાવટો વેચાણ માટે લઈ જાય તે પ્રકારની સુવ્યવસ્થિત વિતરણ વ્યવસ્થાના ભાગરૂપે એ પછી વહિવટીય ટ્રાન્સપોર્ટ ખર્ચ ઘટાડવા ગત જાન્યુઆરી ૨૦૨૨ ના માસમાં ૫૦ પેટારૂટ સાથે આપણું વેચાણ **૧૫૭૧૩ લિટર** સુધી લઈ જવામાં કામયાબ રહ્યા. ફેબ્રુઆરી ૨૦૨૨ ની ૧૮ તારીખ સુધીમાં ૫૩ પેટારૂટ સાથે આપણે હાલમાં સ્થાનીક ગ્રામીણ બજારમાં પ્રતિદિવસ **૨૬૨૪૮ લિટર** સુધી દૂધ અને છાશનું વિતરણ કરી ભૂતકાળમાં ક્યારેય નહોંતી તેવી ગ્રામીણ કક્ષાની વિતરણ વ્યવસ્થા બનાવવામાં સફળ રહ્યા છીએ. દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં આપણી સંસ્થાના MD શ્રી. ધીરજકુમાર જણાવે છે કે ; આગામી ગરમીના ઉનાળાના દિવસોમાં આપણે સ્થાનિક કક્ષાએ ગ્રામીણ બજારમાં પ્રતિદિવસ આ દૂધ છાશના વિતરણને **૫૦૦૦૦ લિટર** સુધી પહોંચાડવાનું લક્ષાંક ધરાવીએ છીએ જે નજીકના જ દિવસોમાં પૂર્ણ થતું જોવા મળશે.












# મધ અને પ્રાકૃતિક ખેતી અંગે ભારે મહેનત અને મનોમંથન ચાલી રહ્યું છે : શ્રી. અશોકભાઈ ચૌધરી



મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
SAGAR FRESH
એક કદમ કુદરત તરફ

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી.નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને ભારત સરકારના પ્રથમ સહકાર મંત્રી અને ગૃહમંત્રીશ્રી.અમિતભાઈ શાહ સાહેબ દેશના ખેડૂતોની આવક વધે તે માટે સતત પ્રયત્નશીલ છે અને તેથી શ્રી.અમિતભાઈ શાહ સાહેબે અમૂલ ફેડરેશન સાથે જોડાયેલી બધી ડેરીઓના ચેરમેનશ્રીઓને ડેરીઓ દ્વારા શાકભાજી અને મધનું વેચાણ કરવા માટે કામગીરી કરે તેવી લાગણી વ્યક્ત કરી હતી તેના પ્રતિસાદ સ્વરૂપે મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરી દ્વારા તાજેતરમાં આ બંને બાબતોમાં દૂધસાગર સાથે જોડાયેલા પશુપાલકો આગળ આવે તે માટે મહેનત અને મનોમંથનની શરૂઆત કરવામાં આવી છે જેના ભાગરૂપે તા.૧૫ ફેબ્રુઆરીના રોજ જગુદણ તાલીમ કેન્દ્ર ખાતે થી **મધમાખી ઉછેર તાલીમ શિબીર** ની પ્રથમ બેંચની શુભ શરૂઆત કરવામાં આવી. આ તબક્કે ઉપસ્થિત શ્રી. અશોકભાઈ ચૌધરી તથા સંસ્થાના ED શ્રી. પ્રવિણકુમાર બાંભી ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતના મધમાખી ઉછેરના વિશેષ તજજ્ઞો શિબીરના આ ૭ દિવસો દરમ્યાન ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ૨૬ તાલીમાર્થીઓને થિયરીકલ અને પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી. દૂધસાગર સાથે વાત કરતાં સંસ્થાના ED શ્રી. પ્રવિણકુમાર ભાંબીએ જણાવ્યું કે આ બંને ક્ષેત્રોમાં આવકના ભરપૂર સ્ત્રોત હોવાથી આગામી સમયમાં આપણી સંસ્થા સાથે જોડાયેલા લાખો પશુપાલકો આવકના એક વિશાળ આકાશને પ્રાપ્ત કરી શકશે. આ બંને બાબતમાં પશુપાલકો જોડાય તે માટે સંસ્થાના મેનેજર શ્રી. અશ્વિનભાઈ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. **(અહેવાલ : દૂધસાગર પત્રિકા)**

# દૂધસાગરની સાથે : સાથે

## દૂધસાગર હવે પર્યાવરણ ના રક્ષણ સાથે વિકાસના માર્ગે આગળ વધશે

GO GREEN

આપણો વિકાસ જો પર્યાવરણનો વિનાશ કરી થતો હોય તો - એ વિકાસ આવનારી પેઢીનો અંત છે. દૂધસાગર સંસ્થાના યશસ્વી ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીના ઉપરોક્ત શબ્દોને સાર્થક કરવા હવે દૂધસાગર સંસ્થા કટિબધ્ધ બની છે. આપણી સંસ્થા પર્યાવરણ પ્રબંધિત પ્રણાલીથી ISO 14001 : 2015 થી પ્રમાણિત છે. વર્તમાન સમયની આબોહવા પરિવર્તનની પરિસ્થિતિ સંદર્ભ માં GHG (ગ્રીન હાઉસ ગેસ) ઉત્સર્જનને રોકવા - ઘટાડવા માટે કાર્બન ફુડ પ્રિન્ટ અને પ્રોડક્ટ રીસાયકલ અંગેનો એક ટ્રેઈનીંગ પ્રોગ્રામ દૂધસાગર ડેરીની ટીમ માટે આયોજિત કરવામાં આવ્યો હતો. દૂધસાગર પોતાની પ્રોડક્ટ બનાવતા વધુમાં વધુ પર્યાવરણને બચાવી શકે તે હેતુથી કરવામાં આવેલ આ સેમીનારમાં હાજર કર્મચારી તથા અધિકારીઓને સમયની ગંભીરતા સમજી નવા ફેરફારો સાથે ઝેરી ગેસ તથા પાણીનો દૂરઉપયોગ ના કરવા અંગે પધ્ધતિસર ની તાલીમ આપવામાં આવી હતી.

## ફુડ સેફ્ટી & સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા દૂધસાગર A+ ગ્રેડથી પ્રામાણિત


fssai

ફુડ સેફ્ટી & સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા દરવર્ષે ઉત્પાદનોની ગુણવત્તા જળવાઈ રહે તે માટે થર્ડ પાર્ટી ઓડિટ એજન્સી દ્વારા પ્લાન્ટની ચકાસણી કરવામાં આવતી હોય છે. જેમાં ગુણવત્તાના માનાંક પ્રમાણે B, A તથા A+ ગ્રેડ આપવામાં આવે છે. જે અંતર્ગત ; આ વર્ષે દૂધસાગર ડેરી (મહેસાણા), દૂધમાનસાગર ડેરી (માનેસર), દૂધમોતીસાગર ડેરી (ધારૂહેડા) અને સેટેલાઈટ પ્લાન્ટ નું નિષ્પક્ષપણે માનાંકન કરવામાં આવ્યું હતું. મુખ્ય પાંચ મુદ્દાઓના કુલ ૪૮ પ્રશ્નોના મૂલ્યાંકન સમયે દૂધસાગર ડેરીના તમામ એકમોને ૯૫ કરતાં વધારે માર્કસ પ્રાપ્ત થતાં સર્વે કરનાર એજન્સીએ મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘને A+ ગ્રેડ આપવામાં આવ્યો છે. નોંધનીય છે કે ; છે કે સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને વર્તમાન સાથી નિયામક મંડળ દૂધસાગરને ગુણવત્તાની સાથે ડિજીટલ યુગમાં લઈ જવા હાલમાં 24X7 ના ધોરણે કાર્યરત છે.

## આ માર્ચ માસથી દૂધસાગર ડેરી પ્રાકૃતિક પધ્ધતિથી તૈયાર થયેલા શાકભાજી અને અનાજનું વિતરણ કરશે

SAGAR FRESH

ભારત સરકારની ખેડૂતોની આવક બમણી કરવાના સ્વપ્નને સાકાર કરવાના ભાગરૂપે મહેસાણા દૂધ સંઘ હવે મધ અને પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે આગામી માર્ચ ૨૦૨૨ ના વર્ષથી આ વિસ્તારના ખેડૂતો દ્વારા પકવવામાં આવતા પ્રાકૃતિક શાકભાજી અને અનાજને વેચાણ માટે પ્રારંભિક ધોરણે એક રીટેલશોપ શરૂ કરવાની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. મહેસાણાની દૂધસાગર ડેરી ના સામેના ભાગે મહેસાણા-ઊંઝા હાઈવે પર સહયોગની ઈમારતમાં શરૂ કરવામાં આવનાર આ રીટેલશોપમાં શરૂઆતમાં આ વિસ્તારના ખેડૂતો દ્વારા પકવવામાં આવતા શાકભાજી ખરીદી તેને વ્યાજબી ભાવે મહેસાણાની જનતા સમક્ષ મૂકવામાં આવશે. આવનાર સમયમાં વધુમાં વધુ ખેડૂતો ધારાધોરણો અનુસાર શાકભાજી અને અનાજનું પ્રાકૃતિક ઉત્પાદન કરે તેનો વિચારયજ્ઞ વિવિધ શિબીરો દ્વારા દૂધસાગર દ્વારા કરવામાં આવી રહયો છે. જેના સુખદ પરિણામ આવનાર ભવિષ્યમાં જોવા મળશે.



## દૂધસાગર શિવાલયનું ભવ્ય અને દિવ્ય નિર્માણ શરૂ કરવામાં આવ્યું

ગત ૧૫ જાન્યુઆરી ના રોજ શ્રી.અશોકભાઈ ચૌધરી શાસિત નવનિયુક્ત નિયામક મંડળના સુશાસનના એક વર્ષ પૂર્ણ થવાની ખુશીમાં મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ સાથે જોડાયેલા હજારો કર્મચારીઓ ની ઈચ્છા પ્રમાણે મહેસાણાની દૂધસાગર ડેરીમાં એક મંદિર નિર્માણ થાય તે ભાવનાને લક્ષમાં રાખી ગુજરાત રાજ્યના ઉપમુખ્યમંત્રી શ્રી.નિતીનભાઈ પટેલની ઉપસ્થિતીમાં દૂધસાગરના કર્તવ્યનિષ્ઠ ચેરમેનશ્રી.અશોકભાઈ ચૌધરીએ દૂધસાગર શિવાલયનો શિલાન્યાસ કર્યો હતો. દૂધસાગરના તમામ એકમોના કર્મચારીઓ તથા ચેરમેનશ્રી સહિત નિયામક મંડળના સહયોગથી તૈયાર થનાર આ શિવાલયમાં લાખો રૂપિયાનું યોગદાન ગણતરીના જ સમયમાં છલકાઈ જવા પામ્યું હતું. યોગદાનની આ રકમના વહિવટીય કાર્યભાર માટે દૂધસાગર શિવાલય મંદિર નિર્માણ કમીટીની રચના કરવામાં આવી છે. જેના અધ્યક્ષ તરીકે સંસ્થાના મેનેજર શ્રી.દિનેશભાઈ ચૌધરી કાર્યભાર સંભાળી રહ્યા છે. તાજેતરમાં જ ડેરીના પ્રાંગણમાં ગેસ્ટ હાઉસ અને કેન્ટીનની વચ્ચેના ભાગે દૂધસાગર શિવાલયના ભવ્ય અને દિવ્ય નિર્માણનો આરંભ કરી દેવાયો છે. (ઉપરોકત ફોટો દૂધસાગર શિવાલયના લે-આઉટ પ્લાનનો મુકવામાં આવ્યો છે)

## દૂધસાગર મધમાખી ઉછેર તાલીમ શિબીરની પ્રથમ બેંચના સાથીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા



દૂધની દુનિયામાં અભૂતપુર્વ સફળતા બાદ અમૂલ ફેડરેશન હવે મધ અને પ્રાકૃતિક ખેતી ના ક્ષેત્રમાં આગળ વધવા માગે છે. તેના ભાગરૂપે ; તાજેતરમાં ગત મહિને દૂધસાગર ડેરી અને NBB (નેશનલ બી બોર્ડ) તથા NDDB (નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ) ના સંયુક્ત ઉપક્રમે જગુદણ તાલીમ કેન્દ્ર ખાતે મધમાખી ઉછેર તાલીમ શિબીર ના સાત દિવસની પ્રથમ બેંચનું સંસ્થાના ચેરમેન શ્રીના વરદ હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સાત દિવસ દરમ્યાન તાલીમાર્થીઓના રહેવા જમવા સહિતની તમામ સલવતો દૂધસાગર ડેરી દ્વારા પૂરી પાડવામાં આવી હતી. આ દરમ્યાન ૨૫ તાલીમાર્થીઓને થિયરીકલ અને પ્રેક્ટીકલ જ્ઞાન પૂરું પાડવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્યના મધમાખી ઉછેરના નિષ્ણાત તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવી હતી. આ દિવસો દરમ્યાન ગુજરાત સરકારના બાગાયત અધિકારી શ્રી. ફાલ્ગુનભાઈ મોઢ તથા શ્રી.પરબતભાઈ ચૌધરીએ પણ આ તાલીમ શિબીરની મૂલાકાત લઈ દૂધસાગરની આ પહેલને આવકારી હતી. શિબીરના અંતિમ દિવસે મહેસાણા દૂધસાગર ડેરી સ્થિત મોતીભાઈ ચૌધરી હોલમાં NDDB ના અધિકારી શ્રીમતી. બીના ભારતી તથા શ્રી.ફ્રેનઝીલ ડિયાસ ની હાજરીમાં દૂધસાગરના એકાઉન્ટ વિભાગના વડા શ્રી.પિનલ શાહ, CS વિભાગના હેડ શ્રી.ફાલ્ગુનભાઈ ચૌધરી અને આ કાર્યક્રમના મુખ્ય જવાબદાર અધિકારી શ્રી.અશ્વિનભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. તમામ તાલીમાર્થીઓ પૈકી (૧) ઈશ્વરભાઈ ચૌધરી -દેલા (૨) પોપટભાઈ ચૌધરી-દેલા (3) મોતીભાઈ રબારી - ભાટસણ (૪) ભુરાભાઈ રબારી - એદલા (૫) મહેશભાઈ પટેલ - માધવપુરા (૬) શંભુભાઈ પટેલ - ગણેશપુરા (૭) તેજસ ઠાકોર - ફતેપુરા (૮) દિનેશભાઈ ઠાકોર - વિસતપુરા (૯) ધીરૂજી ઠાકોર - વિસતપુરા (૧૦) શૈલેષકુમાર ઠાકોર - રણસીપુર (૧૧) અજમલજી ઠાકોર - ખંડમોરવા (૧૨) રમેશજી ઠાકોર - કડી (૧૩) જયપ્રકાશ ચૌધરી - મોટીહિરવાણી (૧૪) નરેન્દ્રકુમાર ચૌધરી -સમોડા (૧૫) વિજયસિંહ રાજપુત - નેદરા (૧૬) ઉત્તમકુમાર પટેલ - રણસીપુર (૧૭) કિરીટભાઈ ચૌધરી - ગોચનાથ (૧૮) મનીષકુમાર પ્રજાપતી - ગોઠવા (૧૯) પ્રહલાદભાઈ પટેલ - લોદરા (૨૦) નારાયણભાઈ ચૌધરી - મગરોડા (૨૧) દિલીપભાઈ ચૌધરી - મગરોડા (૨૨) અશોકકુમાર પટેલ - ખેરવા (૨૩) પવનકુમાર ચૌધરી - પામોલ (૨૪) સંજયભાઈ પુરોહીત - પાટણ (૨૫) વિશદ રાજપુરોહીત - પાટણ (૨૬) કિરણકુમાર પુરોહીત - પીપલાણા ને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર શિબીર દરમ્યાન દૂધસાગરના કર્મચારી શ્રી.ભરતભાઈ જાની અને કે.એચ. પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

# દૂધ ઉત્પાદકો માટે દૂરડા દ્વારા સહાય થી આપવામાં આવતી વિવિધ વસ્તુઓ

## (તારીખ : ૦૩-૦૨-૨૦૨૨ ના પરિપત્ર મુજબ)

| ક્રમ | વસ્તુ | જીએસટી સાથે થતી કિંમત રૂા. | દૂરડા સહાય (%) | દૂરડા સહાય રકમ | સભાસદ/ મંડળીને કેટલામાં મળે | શું જોઈએ ? |
|---|---|---|---|---|---|---|
| ૧ | લોખંડની ઘોડી (મંડળી માટે) | ૭૫૨૩ | 30% | ૨૨૫૭ | ૫૨૬૬ | મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ |
| ૨ | લોખંડની ઘોડી (સભાસદ માટે) | ૭૫૨૩ | 30% | ૨૨૫૭ | ૫૨૬૬ | મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી તથા રૂપિયા એક લાખનું દૂધ ભરાવતા દૂધ ઉત્પાદકો માટે |
| ૩ | હાથ સુડા | ૮૪૭ | ૫૦% | ૪૨૪ | ૪૨૪ | મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી |
| ૪ | કોમ્પ્યુટર(મોનીટર, સીપીયુ, માઉસ, કિ.બોર્ડ) | ૫૧,૭૨૯ | 30% | ૧૫,૫૧૮ | ૩૬,૨૧૦ | મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ (દૂધ મંડળી માટે) |
| | પ્રિન્ટર-એપ્શન કંપની | ૧૨,૩૨૯ | 30% | ૩૬૯૯ | ૮૬૩૦ | મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ (દૂધ મંડળી માટે) |
| | લેઝર પ્રિન્ટર મોડલ ૨૬૦૦ | ૧૨,૬૦૦ | 30% | ૩૭૮૦ | ૮૮૨૦ | મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ (દૂધ મંડળી માટે) |
| | લેઝર પ્રિન્ટર મોડલ ૩૦૧૦ થ્રી ઈન વન (સ્કેનર, ઝેરોક્ષ સાથે) | ૧૪,૦૭૦ | 30% | ૪૨૨૧ | ૯૮૪૯ | મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ (દૂધ મંડળી માટે) |
| ૫ | એનીમલ કુલીંગ સીસ્ટમ(પશુઓને ઠંડક માટેના ફુવારા) | | | | | (મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ + વાર્ષિક દૂધ પુરવઠો + પશુની સંખ્યા) |
| | ૧૦ જાનવર માટે | ૧૦,૭૬૩ | 30% | ૩૨૨૯ | ૭૫૩૪ | વાર્ષિક ૭,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે |
| | ૨૦ જાનવર માટે | ૧૩,૧૪૬ | 30% | ૩૯૪૪ | ૯૨૦૨ | વાર્ષિક ૧૪,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે |
| ૬ | ચાફ કટર (જી.એન.એન્જીનીયરીંગ) | | | | | (મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ + વાર્ષિક દૂધ પુરવઠો + પશુની સંખ્યા) |
| | ઈલેક્ટ્રીક ચાફ કટર (2 H.P) (ઘાસ દૂર ફેકે તેવું) | ૩૬,૩૩૮ | 30% | ૧૦,૯૦૧ | ૨૫,૪૩૭ | વાર્ષિક ૭,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૫ દૂધાળા પશુઓ) |
| | ઈલેક્ટ્રીક ચાફ કટર (3 H.P) (ઘાસ દૂર ફેકે તેવું) | ૪૨,૯૨૪ | 30% | ૧૨,૮૭૭ | ૩૦,૦૪૭ | વાર્ષિક ૧૪,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૫ દૂધાળા પશુઓ) |
| ૭ | ચાફ કટર (યશ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ) | | | | | (મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ + વાર્ષિક દૂધ પુરવઠો + પશુની સંખ્યા) |
| | ઈલેક્ટ્રીક ચાફ કટર (2 H.P) | ૩૬,૪૬૨ | 30% | ૧૦,૯૩૯ | ૨૫,૫૨૩ | વાર્ષિક ૭,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૫ દૂધાળા પશુઓ) |
| | ઈલેક્ટ્રીક ચાફ કટર (2 H.P : 2 IN 1) | ૪૩,૮૩૮ | 30% | ૧૩,૧૫૧ | ૩૦,૬૮૭ | વાર્ષિક ૧૪,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૭ દૂધાળા પશુઓ) |
| | ટ્રેક્ટર સંચાલીત ચાફકટર | ૧,૬૯,૦૫૧ | ૨૦% અથવા મહત્તમ રૂા.૩૦,૦૦૦ | ૩૦,૦૦૦ | ૧,૩૯,૦૫૧ | વાર્ષિક ૧,૦૦,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૬૦ દૂધાળા પશુઓ રાખતા હોવા જોઈએ) |
| ૮ | ચાફ કટર (ભગવતી કૃષિ ઉદ્યોગ પ્રા.લિ.) | | | | | (મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ + વાર્ષિક દૂધ પુરવઠો + પશુની સંખ્યા) |
| | ૧. ઈલેક્ટ્રીક ચાફકટર 2 H.P GOKUL-2(BKU2HPCFFT) | ૩૬,૪૬૨ | 30% | ૧૦,૯૩૯ | ૨૫,૫૨૩ | વાર્ષિક ૭,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૫ દૂધાળા પશુઓ) |
| | ૨. ઈલેક્ટ્રીક ચાફકટર 2 H.P GOKUL-10(BKUCFTMB3HP) | ૪૨,૦૦૦ | 30% | ૧૨,૬૦૦ | ૨૯,૪૦૦ | વાર્ષિક ૧૪,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૭ દૂધાળા પશુઓ) |
| ૯ | મિલ્કીંગ મશીન (શ્રધ્ધા એન્જી.) | | | | | (મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ + વાર્ષિક દૂધ પુરવઠો + પશુની સંખ્યા) |
| | ૧.મિલ્કીંગ મશીન મોડલ SINGLE-૧ મુવેબલ એકે કલસ્ટર(૧૨ થી ૧૫ પશુ માટે) બે પશુ દોહી શકાય. | ૨૬,૪૬૦ | 30% | ૭૯૩૮ | ૧૮,૫૨૨ | વાર્ષિક ૭,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૫ દૂધાળા પશુઓ) |
| ૧૦ | મિલ્કીંગ મશીન (ડીલાવલ કં.) | | | | | (મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ + વાર્ષિક દૂધ પુરવઠો + પશુની સંખ્યા) |
| | ૧.મિલ્કીંગ મશીન મોડલ ફ્લોર માઈન્ટેડ બકેટ રાઈપ એક ક્લસ્ટર(૧૦ થી ૧૫ પશુ માટે ) એક પશુ દોહી શકાય. | ૬૮,૨૦૮ | 30% | ૯૫૨૬ | ૫૮,૬૮૨ | વાર્ષિક ૭,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૫ દૂધાળા પશુઓ) |
| | ૨.મિલ્કીંગ મશીન મોડલ ફ્લોર માઈન્ટેડ બકેટ રાઈપ બે ક્લસ્ટર(૧૫ થી ૩૦ પશુ માટે ) બે પશુ દોહી શકાય. | ૮૭,૦૨૪ | 30% | ૧૧,૬૪૨ | ૭૫,૩૮૨ | વાર્ષિક ૧૪,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૭ દૂધાળા પશુઓ) |
| ૧૧ | મિલ્કીંગ મશીન (પ્રોમ્પ્ટ કં.) | | | | | (મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ + વાર્ષિક દૂધ પુરવઠો + પશુની સંખ્યા) |
| | ૧.મિલ્કીંગ મશીન મોડલ ફ્લોર માઈન્ટેડ બકેટ ટાઈપ એક ક્લસ્ટર(૧૦ થી ૧૫ પશુ માટે ) એક પશુ દોહી શકાય. | ૩૧,૭૫૨ | 30% | ૯૫૨૬ | ૨૨,૨૨૬ | વાર્ષિક ૭,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૫ દૂધાળા પશુઓ) |
| | ૨.મિલ્કીંગ મશીન મોડલ ફ્લોર માઈન્ટેડ બકેટ ટાઈપ બે ક્લસ્ટર(૧૫ થી ૩૦ પશુ માટે ) બે પશુ દોહી શકાય. | ૩૮,૮૦૮ | 30% | ૧૧,૬૪૨ | ૨૭,૧૬૬ | વાર્ષિક ૧૪,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૭ દૂધાળા પશુઓ) |
| | ૩.મિલ્કીંગ મશીન મોડલ મુવેબલ બે ક્લસ્ટર(૧૫ થી ૩૦ પશુ માટે ) બે પશુ દોહી શકાય. | ૪૦,૯૨૫ | 30% | ૧૨,૨૭૮ | ૨૮,૬૪૭ | વાર્ષિક ૧૪,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૭ દૂધાળા પશુઓ) |

# દૂધ ઉત્પાદકો માટે દૂરડા દ્વારા સહાય થી આપવામાં આવતી વિવિધ વસ્તુઓ

## (તારીખ : ૦૩-૦૨-૨૦૨૨ ના પરિપત્ર મુજબ)

| ક્રમ | વસ્તુ | જીએસટી સાથે થતી કિંમત રૂ. | દૂરડા સહાય (%) | દૂરડા સહાય રકમ | સભાસદ/ મંડળીને કેટલામાં મળે | શું જોઈએ ? |
|---|---|---|---|---|---|---|
| ૧૨ | મિલ્કીંગ મશીન (વાન્સુન કં.) | | | | | (મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ + વાર્ષિક દૂધ પુરવઠો + પશુની સંખ્યા) |
| | ૧.મિલ્કીંગ મશીન મોડલ ફ્લોર માઈન્ટેડ બકેટ ટાઈપ એક ક્લસ્ટર(૧૦ થી ૧૫ પશુ માટે ) એક પશુ દોહી શકાય. | ૩૧,૭૫૨ | 30% | ૯૫૨૬ | ૨૨,૨૨૬ | વાર્ષિક ૭,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૫ દૂધાળા પશુઓ) |
| | ૨.મિલ્કીંગ મશીન મોડલ ફ્લોર માઈન્ટેડ બકેટ ટાઈપ બે ક્લસ્ટર(૧૫ થી 30 પશુ માટે ) બે પશુ દોહી શકાય. | ૩૮,૮૦૮ | 30% | ૧૧,૬૪૨ | ૨૭,૧૬૬ | વાર્ષિક ૧૪,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૭ દૂધાળા પશુઓ) |
| | 3.મિલ્કીંગ મશીન મોડલ મુવેબલ બે ક્લસ્ટર(૧૫ થી 30 પશુ માટે ) બે પશુ દોહી શકાય. | ૪૦,૯૨૫ | 30% | ૧૨,૨૭૮ | ૨૮,૬૪૭ | વાર્ષિક ૧૪,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૭ દૂધાળા પશુઓ) |
| ૧૩ | મિલ્કીંગ મશીન (આઈડીએમસી કં.) | | | | | (મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ + વાર્ષિક દૂધ પુરવઠો + પશુની સંખ્યા) |
| | ૧.મિલ્કીંગ મશીન મોડલ ફ્લોર માઈન્ટેડ બકેટ ટાઈપ એક ક્લસ્ટર(૧૦ થી ૧૫ પશુ માટે ) એક પશુ દોહી શકાય. | ૩૧,૭૫૨ | 30% | ૯૫૨૬ | ૨૨,૨૨૬ | વાર્ષિક ૭,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૫ દૂધાળા પશુઓ) |
| | ૨.મિલ્કીંગ મશીન મોડલ ફ્લોર માઈન્ટેડ બકેટ ટાઈપ બે ક્લસ્ટર(૧૫ થી 30 પશુ માટે ) બે પશુ દોહી શકાય. | ૩૮,૮૦૮ | 30% | ૧૧,૬૪૨ | ૨૭,૧૬૬ | વાર્ષિક ૧૪,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૭ દૂધાળા પશુઓ) |
| | 3.મિલ્કીંગ મશીન મોડલ SINGLE-૧ મુવેબલ એક ક્લસ્ટર(૧૦ થી ૧૫ પશુ માટે) એક પશુ દોહી શકાય. | ૩૨,૮૧૦ | 30% | ૭૯૩૮ | ૨૪,૮૭૨ | વાર્ષિક ૭,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૫ દૂધાળા પશુઓ) |
| | ૪.મિલ્કીંગ મશીન મોડલ મુવેબલ બે ક્લસ્ટર(૧૫ થી 30 પશુ માટે) બે પશુ દોહી શકાય. | ૪૪,૧૦૦ | 30% | ૧૨,૨૭૮ | ૩૧,૮૨૨ | વાર્ષિક ૧૪,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૭ દૂધાળા પશુઓ) |
| ૧૪ | નેચરલ એક્ટોપેરાસાઈટ કંટ્રોલ | ૧૨૭ | ૫૦% | ૬૪ | ૬૪ | (મંડળીના લેટરપેડ પર માંગણી + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી) |
| ૧૫ | પ્રાઈપ્રેઝીન (૫૦૦ મિ.લી.) | ૧૯૫ | ૫૦% | ૯૮ | ૯૮ | (મંડળીના લેટરપેડ પર માંગણી + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી) |
| ૧૬ | ગળીયાના ટેસ્ટીંગ માટેની(CMT) કીટ | ૩૨૯ | ૫૦% | ૧૬૫ | ૧૬૪ | (મંડળીના લેટરપેડ પર માંગણી + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી) |
| ૧૭ | ગળીયો અટકાવવા માટેનો પાવડર (ટ્રાય સોડિયમ સાઈટ્રિટ) | ૧૮૫ | ૫૦% | ૯૩ | ૯૨ | (મંડળીના લેટરપેડ પર માંગણી + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી) |
| ૧૮ | ટીટ ડીપ સ્પ્રે (૨૦૦ મિ.લી) | ૮૮ | ૫૦% | ૪૪ | ૪૪ | (મંડળીના લેટરપેડ પર માંગણી + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી) |
| ૧૯ | કાફ ફીડીંગ બોટલ | ૨૮૯ | ૫૦% | ૧૪૫ | ૧૪૫ | (મંડળીના લેટરપેડ પર માંગણી + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી) |
| ૨૦ | બચ્ચાને દૂધ પાવા માટેની કાફ ફીડીંગ બોટલનીટોટી | ૬૫ | ૫૦% | 33 | ૩૨ | (મંડળીના લેટરપેડ પર માંગણી + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી) |
| ૨૧ | રબ્બર મેટ | ૧૮૮૦ | 30% | ૫૬૪ | ૧૩૧૬ | (મંડળીના લેટરપેડ પર માંગણી +ઠરાવ+ ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી) વાર્ષિક ૫,૦૦૦ લીટરથી વધૂ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે(૨ દૂધાર પશુઓ) |
| ૨૨ | ગ્રૂમીંગ બ્રશ | ૧૮૮ | ૫૦% | ૮૯ | ૮૯ | (મંડળીના લેટરપેડ પર માંગણી + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી) |
| ૨૩ | મોટર સાઈકલ ટ્રોલી(બે પૈડાવાળી) | ૬૬૯૧ | 30% | ૨૦૦૭ | ૪૬૮૪ | (મંડળીના લેટરપેડ પર માંગણી +ઠરાવ+ ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી) વાર્ષિક 3,૦૦૦ લીટરથી વધૂ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે(૨ દૂધાર પશુઓ) |
| ૨૪ | મોટર સાઈકલ ટ્રોલી (ચાર પૈડાવાળી) | ૯૯૭૫ | 30% | ૨૯૯૨ | ૬૯૮૩ | (મંડળીના લેટરપેડ પર માંગણી +ઠરાવ+ ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી) વાર્ષિક ૫,૦૦૦ લીટરથી વધૂ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે(૫ દૂધાર પશુઓ) |
| ૨૫ | ગમાણ ફરતી ૮ ફૂટ | ૬૬૧૫ | 30% | ૧૯૮૫ | ૪૬૩૧ | (મંડળીના લેટરપેડ પર માંગણી +ઠરાવ+ ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી) વાર્ષિક ૫,૦૦૦ લીટરથી વધૂ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે(૨ દૂધાર પશુઓ) |
| ૨૬ | પશુ ઉચકવાની ઘોડી | ૨૯,૦૮૬ | 30% | ૮૭૮૨ | ૨૦,૩૬૦ | (મંડળીના લેટરપેડ પર માંગણી +ઠરાવ+ ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી) વાર્ષિક ૭,૫૦૦ લીટરથી વધૂ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે(૫ દૂધાર પશુઓ) |
| ૨૭ | ડેલ્ટામેથરીન/બ્યુટોક્ષ | ૨૯ | ૫૦% | ૧૫ | ૧૪ | (મંડળીના લેટરપેડ પર માંગણી + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી) |
| ૨૮ | ફ્લુમેથરીન/બેટીકોલ | ૭૩ | ૫૦% | ૩૭ | ૩૬ | (મંડળીના લેટરપેડ પર માંગણી + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી) |
| ૨૯ | પ્લાસ્ટીક ના પાવડાનો હાથો | ૧૩૭ | 30% | ૪૧ | ૯૬ | (મંડળીના લેટરપેડ પર માંગણી + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી) |
| 30 | પ્લાસ્ટીક નો પાવડો હાથા વગર | ૧૨૬ | 30% | ૩૮ | ૮૮ | (મંડળીના લેટરપેડ પર માંગણી + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી) |
| ૩૧ | કોમ્પલીટ કેમીકલ | ૫૩૨૮ | ૨૦% | ૧૦૬૬ | ૪૨૬૨ | મંડળીના લેટરપેડ પર માંગણી |

નોંધ : કોઈ એક વસ્તુમાં એક કરતાં વધારે સપ્લાયર હશે તેવા કિસ્સામાં સૌથી ઓછા ભાવ પ્રમાણે સહાય ચૂકવવામાં આવશે. (વેચાણ ભાવ ફેરફાર ને આધીન રહેશે)

## દૂધસાગરના ડૉક્ટરની ડાયરી



# આ ઉનાળાની કાળઝાળ ગરમીમાં આપના પશુઓને કેમ સાચવશો ?

આપણા દૂધસાગરના કાર્યક્ષેત્રમાં ઋતુઓના બદલાવવા સાથે વાતાવરણમાં પણ ખુબ મોટા પ્રમાણમાં ફેરફાર જોવા મળે છે. ચોમાસામાં ક્યારેક નહિવત થી લઈ અતિવૃષ્ટિ જેવો વરસાદ, શિયાળામાં લઈ કડકડતી ઠંડી અને ઉનાળામાં આપણને ત્રાહિમામ પોકરાવતી કાળજાળ ગરમી આપણા દૂધાળ પશુઓને પણ છોડતી નથી. આપણે ગાય-ભેસ દૂધ ઉત્પાદન માટે પાળીએ છીએ. આપ જાણો છો તેમ ગાય-ભેસનું દૂધ ઉત્પાદનમાં તેમની આનુંવંશિક ક્ષમતા, સ્વાસ્થ્ય, પોષણ અને પશુ વ્યવસ્થાપન નો મુખ્ય ફાળો રહેલો છે. આપણી પાસે સારી ઓલાદના પશુ હોય, તેનું સ્વાસ્થ્ય સારૂં હોય, સારો ઘાસચારો અને ખાણ-દાણ પણ ઉપલબ્ધ હોય તેમ છતાં આપણે સૌનો અનુભવ છે કે ઉનાળાની ગરમીની ઋતુમાં આપણી ગાયો-ભેંસોનું દૂધ ઘટી જાય છે, તે દૂબળા પડે છે તથા ગાભણ થવા પણ મૂશ્કેલ પડે છે.

આ બધાનું મૂળ કારણ ગાયો-ભેંસો ઉપર આવતો ગરમીનો સ્ટ્રેસ (તણાવ) હોય છે. આ સ્ટ્રેસ પશુના દૂધ ઉત્પાદનને કઈ રીતે અસર કરે છે તેનો વિચાર કરીએ. ગાય-ભેંસ વગેરે સસ્તન પ્રાણીઓ પણ માણસની માફક બદલાતા વાતાવરણમાં પોતાના શરીરનું તાપમાન એક સરખું જાળવવા માટે પ્રયત્ન કરે છે. આપણે જે કંઈ પણ કામ કરીએ દા.ત.દોડવાનુ, ઝડપથી શ્વાસોશ્વાસનુ, જમ્યા પછી સહજ રીતે થતા પાચન દરમ્યાન શરીરમાં ઉત્પન્ન થતી ગરમીનો, આપણને થતા અનુભવ પ્રમાણે જ ગાય-ભેસના શરીરમાં પણ થતી દરેક દેહધાર્મિક ક્રિયાઓ દરમ્યાન ગરમી ઉત્પન્ન થાય છે.

સામાન્ય રીતે થમોડાયનેમીક્સ (ઉષ્મા વહન) ના સિધ્ધાંત પ્રમાણે ઉષ્માનું વહન વધુ ગરમી થી ઓછી ગરમી વાળા વિસ્તાર કે વસ્તુ તરફ થાય છે. જ્યાં સુધી વાતાવરણનું તાપમાન ગાય-ભેંસ શરીરના તાપમાન કરતાં ઓછું હોય ત્યાં સુધી શરીરમાં ઉત્પન્ન થયેલી વધારાની ઉષ્માનું વાતાવરણમાં સરળતાથી ઉત્સર્જન કરીને ગાય-ભેંસ પોતાના શરીરનું તાપમાન જાળવી શકે છે. વાતાવરણ થમોન્ટ્રુટ્રલ ઝોનમાં (૨૦°સેથી ૩૦° સે) ગાય-ભેંસ શરીરનું તાપમાન ૩૭° સે થી ૩૯°સે હોય છે. પરંતુ ઉનાળાની ઋતુમાં વાતાવરણનુ તાપમાન વધીને ૪૫° સે કે ક્યારેક તેનાથી પણ વધારે ઉંચે જાય છે. આમ વાતાવરણનું તાપમાન ૪૦° સેથી વધવા માંડે એટલે ગાય - ભેંસના શરીરમાંથી ગરમીનુ વાતાવરણમાં ઉત્સર્જન થવાનુ અટકીને ઉલ્ટાનુ વાતાવરણમાંથી ગરમી શરીરમાં પ્રવેશે(અવશોષણ થાય) છે, જેથી ગાય-ભેંસના શરીરનું તાપમાન વધવા લાગે છે. ત્યારે ગાય-ભેંસ, શરીરની દેહધાર્મિક ક્રિયાઓ દરમ્યાન ઉત્પન્ન થતી ગરમીને ઓછી કરવા માટે છાયડો શોધે છે, પાણી વધુ પીએ છે, શારીરિક ક્રિયાઓ ઘટાડે છે અને ખોરાક પણ ઓછો લે છે. શરીરનુ તાપમાન જાળવવા નો પ્રથમ તબક્કાનો આ પ્રયત્ન જ્યારે કાળગત ન રહે અર્થાત ઓછો પડે ત્યારે શરીરની સામાન્ય દેહધાર્મિક ક્રિયાઓના ભોગે પણ પ્રયત્ન કરે છે, જેમાં ચામડીનું રૂધિરાભિસરણ વધારવુ, વધુ પરસેવો ઉત્પન્ન કરવા તથા વધારે ઝડપી ઉચ્છવાસ દ્વારા ગરમી બહાર ફેકવાનો પ્રયત્ન કરે છે.

આમ કોઈ જ બિમારી ન હોવા છતાં, આપણી ગાય કે ભેસને જાણે કે તાવ આવ્યો હોય તેમ થર્મોમીટર ઉંચુ તાપમાન બતાવે છે, શ્વસન તંત્રની બિમારી હોય તેમ હાંફે છે, સામાન્ય રીતે દરેક બીમારીમાં થાય છે તેમ પશુ ખોરાક ઓછો લે છે, વાગોળવાનુ ઓછુ કે બંધ કરે છે અને દૂધ ઉત્પાદન ઘટી જાય છે તે આપણે સહુ વર્ષો વર્ષ થી જોઈએ અને અનુભવિએ છીએ ઉનાળાની ઋતુમાં દૂધનો ભાવ વધારે સારો મળતો હોવાથી, દૂધાળ પશુઓમાં ગરમીનો સ્ટ્રેસ ઘટાડી દૂધ ઉત્પાદન જાળવી રાખવાથી આપણને વધુ ફાયદો થશે. તે માટે નીચે પ્રમાણે પશુ વ્યવસ્થાપનનો અમલ કરવો જોઈએ.

**વાતાવરણ સામે રક્ષણ :** આજ ના સમયમાં ઉનાળાના દિવસોમાં તળાવના કિનારે વડ જેવા મોટા વૃક્ષોના છાંયડામાં નિરાંતે વાગોળતા પશુઓનું ધણ જોવા મળવું મૂશ્કેલ છે. પરંતુ આ ચિત્ર-સંકલ્પના ઉનાળાના દિવસોમાં પશુ વ્યવસ્થાપન માટે જરૂરી એવી મૂળભુત બાબતો **'છાયડો, ઠંડી હવા અને પાણી'** તરફ આપણુ ધ્યાન ખેચે છે.

**છાંયડો :** સૂર્યના સીધા તાપથી રક્ષણ આપવા માટે કુદરતી હોય કે પછી કૃત્રિમ પણ છાયડો જરૂરી છે. કૃત્રિમ છાયડો અર્થાત પશુ રહેઠાણ માટે બનાવવામાં આવતો તબેલો, કોઢ કે છાપરુ વગેરે. પશુ રહેઠાણ માં ગાય ભેંસને આરામ દાયક વાતાવરણ મળે તે માટે છાપરાની ઉંચાઈ (શક્ય એટલી વધુ રાખો-૨૦ ફુટ સુધી), બે પશુ વચ્ચે જગ્યા (શક્ય તેટલી વધુ જગ્યા રાખો-૬ ફુટથી વધારે) તબેલા ના છાપરાનુ મટીરીયલ ગરમીનુ અવાહક કે મંદ વાહક હોય તેવુ (એસબેસટોસ, સીમેંટ કે પ્લાસ્ટીક) પસંદ કરો, પુરતો હવા ઉજાસ રહે તે માટે ઝાડ સિવાયની આડશો દૂર કરો. રાત્રીના સમયે પશુ ઝાડ કે છાપરા નીચે ન બાધતાં તેને ખુલ્લામાં બાંધો.

**પાણી :** શક્ય હોય તો ૨૪ કલાક તાજુ, સ્વચ્છ અને ઠંડુ પાણી ગાયો- ભેંસો ને પીવા માટે ઉપલબ્ધ કરો. જો તે શક્ય ન હોય તો દિવસમાં ઓછામાં ઓછુ ૫ થી ૬ વખત પાણી આપો. પાણી જેટલુ ઠંડુ હશે તેટલુ પશુ વધારે પાણી પીશે અને દૂધ વધારે આપશે.

**ઠંડી હવા :** ઠંડી હવા શરીરના સંપર્કમાં આવવાથી ગાયો-ભેંસો પોતાના શરીરમાં રહેલી વધારાની ગરમી વાતાવરણમાં ફેકી કે ઉત્સર્જન કરી શકે છે. ગરમીના સમયમાં વળતા પરસેવાનું હવા દ્વારા બાષ્પીભવન થવાથી પણ શરીરમાંથી સારી એવી ગરમીનું ઉત્સર્જન થાય છે.

**પાણીના ફુવારા :** જ્યારે પશુઓને મોટે ભાગે બાંધેલાજ રાખવામાં આવતા હોય કે પશુઓ માટે હળવા ફરવા માટે મર્યાદિત જગ્યા જ હોય, તેવા સંજોગોમાં વૈજ્ઞાનિક ધોરણો પ્રમાણે ઓટોમેટીક ફુવારા પધ્ધતિનો, તબેલામાં કાદવ કે ભેજનું પ્રમાણ કરતાં વધે નહિ તે રીતે ઉપયોગ કરવો જોઈએ. નીચેની દર્શાવેલ પધ્ધતિઓમાં ઉત્તરોત્તર બતાવેલ રીત વધારે અસરકારક છે. તેમ છતાં તમારા તબેલા માટે ઉત્તમ વિકલ્પ પસંદ કરવા માટે પશુ ડૉક્ટરની સલાહ લો. પશુઓ માટેની ફુવાર પધ્ધતિ અપનાવવા દૂરડા દ્વારા આપવામાં આવતી સહાયનો લાભ લેવા માટે, તમારી નજદીકમાં આવેલા સંઘના વેટેરીનરી સેન્ટરનો સંપર્ક કરો.

**આહારનું / આયોજન :** મિત્રો, ગરમીના સમયમાં પશુઓને વાતાવરણ સામે શક્ય તેટલા રક્ષણ ની વ્યવસ્થા કર્યો બાદ દૂધ ઉત્પાદન જાળવી રાખવા માટે ગાય-ભેંસના આહારનું આયોજન કરવું જોઈએ.

- પશુ આહારમાં સામાન્ય રીતે વપરાતા ઘઉના પરાળ, જુવાર-બાજરીના પૂળા, જંગલ ઘાસ, ડાંગળનુ પરાળ વગેરે બધી જ ખેતીની આડ પેદાશોની પાચકતા તેમાં રહેલા લીગનીન ના ઉંચા પ્રમાણને કારણે ઓછી છે. તથા તેમાં રહેલા ફાઈબર-રેશાના વધુ પ્રમાણને કારણે તેના પાચન દરમ્યાન પશુના શરીરમાં ગરમી વધારે ઉત્પન્ન થાય છે. માટે આવા ખોરાક ગરમીની ઋતુમાં પશુ દિવસના સમયે ખુબ ઓછા ખાય છે માટે તેનુ નીરણ ખાસ કરીને રાત્રી ના સમયે કરવુ જોઈએ.
- લીલા ચારાને પણ પાકટ ન થવા દેતાં વિકસતી અવસ્થા માંજ સમયસર કાપણી કરીને નીરણ કરવુ જોઈએ.
- ગરમીમાં પશુ ઘાસચારો ઓછો ખાઈ શકતુ હોવાથી તેના આહારમાં ખાણદાણનું પ્રમાણ વધારવુ જોઈએ.
- ગરમીની ઋતુમાં પરસેવા વાટે શરીરમાંથી ક્ષારોનું ધોવાણ વધુ હોવાથી ખોરાકમાં મીનરલ મીક્ષરનું પ્રમાણ વધારવુ ખુબ જરૂરી છે. ગમાણમાં ૨૪ કલાક ખોરાક હોવો સૌથી અગત્યનું છે જેથી પશુ પોતાની ઈચ્છા મુજબ ખાઈ શકે.

## નવા નિયામક મંડળ શાસિત એક વર્ષમાં ગુજરાત સરકારની દૂધમંડળી સહાય યોજનાનો ભરપૂર લાભ લેવાયો



ગુજરાત સરકારની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટેની સહાય યોજના અંતર્ગત દૂધઘર અને ગોડાઉન બનાવવા માટે પાંચ-પાંચ લાખની અલગ-અલગ સહાયની યોજનાઓ હાલમાં અમલમાં છે. ત્યારે અશોકભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ દૂધસાગર સંચાલિત દૂધ મંડળીઓને હાલમાં આ યોજનાનો ભરપૂર લાભ મળી રહ્યો છે. ગત એક વર્ષમાં કુલ ૨૬ જેટલાં દૂધઘર અને ગોડાઉન મંજૂર થવા પામ્યા છે. આ યોજના પ્રમાણે ગોડાઉન કે દૂધઘર નું બાંધકામ શરૂ થાય અને જમીન લેવલ સુધી આવે ત્યારે રૂા.૧.૭૫ લાખ, બાંધકામ ધાબા લેવલ સુધી આવે ત્યારે ફરીથી રૂા.૧.૭૫ લાખ અને મકાન સંપૂર્ણ રીતે પૂર્ણ થાય ત્યારે રૂા.૧.૫૦ લાખ એમ કુલ ત્રણ હપ્તામાં રૂા.૫ લાખની સહાય આપવામાં આવે છે. આપણા મહેસાણા દૂધ સંઘના અધિકારીઓ રાજ્ય સરકાર સાથે સંકલન સાધી આ યોજનાનું અમલીકરણ કરે છે. તાજેતરમાં દૂધસાગર ડેરીના યશસ્વી ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરીના હસ્તે બાપુપુરા દૂધ મંડળીને દૂધઘર અને ગોડાઉન માટે કુલ ૭ લાખ રૂપિયા, બાલવા દૂધ મંડળીને ૩.૫૦ લાખ રૂપિયા, ભાણપુર દૂધ મંડળીને દૂધઘર માટે રૂા.૩.૫૦ લાખ, વિરપુર દૂધ મંડળીને રૂા.૧.૭૫ લાખ અને વેજાવાડા દૂધ મંડળીને દૂધઘર માટે રૂા.૧.૭૫ લાખ ના ચેક વિતરણ કરવામાં આવ્યા. આ તબક્કે સરકારની આ સહાય રકમનો સદઉપયોગ કરી ઉત્તમ બાંધકામ કરવાની ચેરમેનશ્રીએ ઉપસ્થિત દૂધ મંડળીઓના પ્રતિનીધીઓને અપીલ કરી હતી.

## નવા મેનેજમેન્ટ ના માર્ગદર્શન હેઠળ દૂધમોતીસાગર ડેરી (ધારૂહેડા) પ્રતિદીન પ્રગતિના માર્ગે આગળ વધી રહી છે : G.G. PATEL



મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ સંચાલિત દૂધ માનસાગર ડેરી (માનેસર : દિલ્હી NCR ) અને દૂધમોતીસાગર ડેરી (ધારૂહેડા : હરીયાણા) ખાતે નવા મેનેજમેન્ટની સતત ના ધોરણે બાજ નજર હોવાથી હાલમાં આ બંન્ને ડેરીઓ ધીમી પણ મક્કમ ગતીએ પ્રગતિના માર્ગ ઉપર આગળ વધી રહી છે. થોડાક સમય પહેલાં દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં દૂધ મોતીસાગર ડેરીના યુનીટ હેડ શ્રી. જી.જી. પટેલે જણાવ્યું કે ; દૂધસાગર ડેરીના નવા મેનેજમેન્ટ દ્વારા સતત દૂધ ઉત્પાદકોના હિતની ચિંતા કરવામાં આવી રહી છે ત્યારે આ સંસ્થાના ચેરમેનશ્રી.ના સબંધો જાળવવાના ઉત્તમ સ્વભાવને કારણે GCMMF સાથે સકારાત્મક સબંધો સ્થાપીત થવાથી હાલમાં ફેડરેશન ના દિશા સૂચન પ્રમાણે આ વર્ષે દિલ્હીના બજારમાં દરરોજ ૨.૫ લાખ પ્રવાહી દૂધ વેચાણ કરવાની તક મળી રહી હોવાથી આપણે ધારૂહેડા સ્થિત ડેરીની મશીનરીની ક્ષમતાનો અસરકારક ઉપયોગ કરવામાં સફળ રહ્યા છીએ. આ સીવાય નવીન મેનેજમેન્ટની જીણવટપૂર્વક જોવાની કરકસર ભરેલી વહિવટીય પ્રણાલીકાને પરિણામે ગત વર્ષ કરતાં આ વર્ષે અમો વિજળી ની સાથે પ્રોસેસીંગ ખર્ચ જે અગાઉ પ્રતિલીટર ૦.૫૮ પૈસા હતો તે ઘટાડીને ૦.૪૦ સુધી લાવવામાં સફળતા મેળવી છે જેના પરીણામે વાર્ષિક ૩.૫૦ કરોડની બચત થવા પામી છે. વિજળીના કરકસરને પરીણામે વીજબીલમાં ૩૦ લાખ રૂપિયાની બચત થવા પામી છે તો બોઈલર ઈંધણની બચતને પરીણામે રૂા.૦.૦૮ ની કરકસર ના પરીણામે વાર્ષિક ૧.૫૦ કરોડ બચાવી શક્યા છીએ એ રીતે પાણીના કરકસરથી પણ અમે દૈનિક ૧.૫૦ લાખ લિટર પાણી ઘટાડી અને વાર્ષિક રૂપિયા ૪૦ લાખની બચત કરવામાં સફળ રહ્યા છીએ.


### "દૂધસાગર ડેરી દ્વારા આયોજીત ત્રિ-દિવસીય દિવા પ્રોગ્રામ સંસ્થાના ચેરમેનશ્રી.અશોકભાઈ સાથે મંત્રીશ્રી. ઋષિકેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા"



મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ (દૂધસાગર ડેરી) ના કાર્યક્ષેત્રમાં આવતા જુના મહેસાણા જિલ્લાના તમામ વિસ્તારોની ગ્રામીણ પશુપાલક મહિલાઓ વૈજ્ઞાનિક અભિગમ અને બદલાયેલી ટેક્નોલોજી સાથે પશુપાલન નો વ્યવસાય કરી પોતાના પરિવારની તંદુરસ્તી સાથે નવા યુગમાં કદમ મિલાવી શકે તે માટે સમગ્ર વિસ્તારમાં સમયાંતરે ત્રિ-દિવસીય મહિલા પશુપાલન જાગૃતિ અભિયાન (દિવા પ્રોગ્રામ) નું આયોજન કરવામાં આવતુ હોય છે. તાજેતરમાં વિસનગર તાલુકાના સુંશી ગામ ખાતે આયોજીત દિવા પ્રોગ્રામમાં ઉપસ્થિત વિશાળ મહિલાઓની હાજરી વચ્ચે દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી સાથે વિસનગર મત વિસ્તારના સ્થાનિક ધારાસભ્ય અને ગુજરાત રાજ્ય સરકારના આરોગ્ય પરિવાર કલ્યાણ અને પાણી પુરવઠા મંત્રી શ્રી.ઋષિકેશભાઈ પટેલ તથા APMC ના ચેરમેનશ્રી. પ્રિતેશભાઈ પટેલ અને તાલુકા પંચાયત પ્રમુખ સુમિત્રાબેન પટેલ તથા સુંશી ગ્રામ પંચાયતના સરપંચ શ્રી.મહેશભાઈ પટેલ તથા દૂધસાગરના ડિરેક્ટરશ્રી.એલ.કે પટેલ અને દિલીપભાઈની ઉપસ્થિતીમાં શિબીરનો શુભારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે બોલતાં ; કેબીનેટ મંત્રી શ્રી.ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે વર્તમાન સમયે શ્રી.અશોકભાઈના નેતૃત્વ હેઠળ દૂધસાગર ડેરી ચારે તરફથી પ્રગતી કરી રહી છે ત્યારે આપ પણ આ યશના ભાગીદાર બનો તેવી શુભ કામના વ્યક્ત કરું છું.

### દૂધસાગરના પશુપાલકો નો વ્યવસાય નફાકારક બની શકે તે માટે આયોજીત

# પાડી વાછરડી ઉછેર કાર્યક્રમ



મહેસાણા દૂધ સંઘ સાથે જોડાયેલા લાખો પશુપાલકો માટે આ વ્યવસાય નફાકારક હોવાની સાથે-સાથે ઘર આંગણેજ વધુ દૂધ આપતા અને સારા આનુવંશિક ગુણો ધરાવતા પશુઓ મળી રહે તે માટે સંસ્થા દ્વારા આદર્શ પાડી -વાછરડી ઉછેર કાર્યક્રમ તાજેતરમાં ચાલી રહ્યો છે. આ કાર્યક્રમ હેઠળ પશુપાલકોને સબસીડીથી પાડીદાણ કીટ આપવામાં આવે છે. આ સાગર પાડીદાણ કીટમાં ૫૦ કિલો પાડીદાણ અને ૧૦ કિલો રિપ્લેસર પાવડર હોય છે. ૫૦% સહાયથી માત્ર રૂા.૯૧૦ માં આપવામાં આવતી આ કીટનો લાભ દૂધસંઘના કાર્યક્ષેત્રમાં આવતી તમામ દૂધ મંડળીના પશુપાલકો તેનો લાભ લઈ શકે છે. ૨૦૨૦-૨૧ ના કુલ ૧૦૦૯૭ પશુપાલકોએ તથા વર્ષ ૨૦૨૧-૨૨ માં અત્યાર સુધીમાં કુલ ૧૧૮૨૫ પશુપાલકોએ આ સાગર પાડીદાણ નો લાભ લીધો છે. આ યોજનામાં પાડીદાણ કીટ લીધેલ હોય તેવી દરેક પાડી કે વાછરડીને કાને કડી મારીને અમૂલ સોફ્ટવેરમાં એન્ટ્રી કરવામાં આવે છે. તેમજ આ યોજનાનો લાભ લીધેલ પશુપાલકને પાડી અથવા વાછરડી નું ૪૦ મહિના કે તેના પહેલા વિયાણ થયું હોય અને સંકર વાછરડીનું ૩૦ મહિના પહેલા વિયાણ થયું હોય તેમને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવે છે અને એના ભાગરૂપે વર્ષ ૨૦૨૦-૨૧ માં રૂા. ૬૨,૮૧,૪૪૦ (બાસઠ લાખથી વધુ) પ્રોત્સાહન રૂપે આપવામાં આવ્યા છે. પશુપાલકોએ બે સાગરદાણ પાડી કીટ નોંધાવા માટે સ્થાનિક દૂધ મંડળીના મંત્રી અથવા બીજદાન કર્મચારી નો સંપર્ક કરવાનું તથા વધુ માહિતી માટે દૂધસાગર ડેરીના નજીકના પશુ સ્વાસ્થ્ય કેન્દ્રના વેટરનરી ડૉક્ટરનો સંપર્ક કરવાનુ મેનેજમેન્ટ તરફથી જણાવાયું છે.



# Dairyboy હવે લાવશે દૂધસાગર આપના દરવાજે

**(અહેવાલ : દૂધસાગર પત્રિકા )** આપણે શું કરીએ ? તો ... આપણી દૂધસાગરને તેના ભવ્ય ભૂતકાળની જાહોજલાલી પાછી અપાવી શકીએ ? આપણે શું કરીએ ? તો ... આપણા છ લાખ પશુપાલકોને વધુમાં વધુ દૂધના ભાવો આપી શકીએ ? આપણે શું કરીએ તો ... આપણી દૂધસાગરને દેવા મુક્ત કરી શકીએ ? આપણે શું કરીએ તો ... આપણી દૂધસાગરને દૈનિક ૫૦ લાખ લીટર દૂધ સંપાદનની શક્તિ આપી શકીએ ? આ તમામ પ્રશ્નો શાસન સંભાળ્યાના પ્રથમ દિવસથી સંસ્થાના ચેરમેનશ્રી. તથા નિયામક મંડળને સતત સતાવી રહ્યા છે !! કોઈએ કહ્યું છે ને ; સપનાં એ નથી - જે તમને ઉંઘમાં આવે ... સપનાં એ છે - જે તમારી ઉંઘ હરામ કરી નાખે !!








## સપનાં એ નથી - જે તમને ઉંઘમાં આવે ... સપનાં એ છે - જે તમારી ઉંઘ હરામ કરી નાખે !!

મહેસાણાની દૂધસાગર ડેરી અને સહયોગના ઉપક્રમે MILK CITY મહેસાણા ને નામ તેવા ગુણ આપવા જઈ રહી છે. આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી મોબાઈલ એપ ના માધ્યમથી હવે અમૂલ ના ગ્રાહકોને દૂધસાગર તથા અમૂલની તમામ પ્રોડક્ટસ ઘર આંગણે મળી રહે તે માટે **DAIRY BOY** પોતાના પ્રથમ તબક્કામાં ઉત્તર ગુજરાતના મહેસાણા શહેરમાં આ પ્રકારની આખા ગુજરાતમાં પ્રથમ સેવા શરૂ કરવા જઈ રહી છે.

આગામી ૧૫ મી માર્ચના રોજ આ **DAIRY BOY** એપ્લિકેશન ગુગલ પ્લે-સ્ટોર માં ઉપલબ્ધ થઈ જશે. જેના માધ્યમથી પ્રથમ તબક્કામાં મહેસાણા શહેરના નાગરીકો પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકશે. જેમાં પોતાના નામ સહિત ઘરનું સરનામું અને મોબાઈલ નંબર આપવાથી OTP ના માધ્યમથી અમૂલ દૂધસાગરના કાયમી ગ્રાહક બની શકાશે. પોતાની જરૂરીયાત મુજબનું દૂધ - છાશ - શિખંડ કે સહયોગના પેંડાથી લઈ ફરસાણ સુધીની તમામ ચીજવસ્તુઓ અને નજીકના ભવિષ્યમાં પ્રાકૃતિક ખેતી આધારિત શાકભાજી, મધ અને અનાજ સુધીની વસ્તુઓ MRP કિંમતથી જ કોઈપણ વધારાનો ચાર્જ આપ્યા સિવાય ઘર આંગણે - સમયસર - પૂરતા પ્રમાણમાં અને શુધ્ધ તથા પૌષ્ટિક સ્થિતીમાં મેળવી શકાશે. ઉલ્લેખનીય છે કે ; સહકારી ડેરીના માધ્યમની આ પ્રકારની ON LINE આ પ્રથમ સેવા બનશે ! વિશ્વ જ્યારે ON LINE માર્કેટ તરફ રોકેટ ગતીએ આગળ વધી રહ્યું છે ત્યારે દૂધસાગર દ્વારા શરૂ કરવામાં આવેલી આ સેવા એક પ્રકારનું સ્ટાર્ટઅપ છે. ડીજીટલ ઈન્ડિયા, મેકઈન ઈન્ડિયા અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા આ ત્રણેય સૂત્રોને પોતાનામાં સમાવી લેતી આ **DAIRY BOY APP** દૂધ સાગરની સાથે-સાથે નવી રોજગારી આપવાનું પણ ભવિષ્યમાં કામ કરશે. આ સેવાના પરિણામે અમૂલ દૂધ અને છાસ સહિત વિવિધ વસ્તુઓને એક મજબૂત સ્થાનિક બજાર મળી રહેશે. દૂધસાગર પત્રિકાએ આ અંગે એક જવાબદાર અધિકારી સાથે વાત કરી ત્યારે જાણવા મળ્યું કે ; હાલમાં માત્ર ટેલિફોન સંપર્ક ને આધારે આ સેવા લેવા ૪૦૦૦ હજાર ગ્રાહકો માત્ર મહેસાણા શહેરમાંથી મળી ચૂક્યા છે અને ટ્રાયલના ભાગરૂપે હાલ ૮ થી ૧૦ હજાર દૂધ અને છાશની થેલીઓનું વેચાણ થઈ રહ્યું છે. આ સેવા અંતર્ગત વધારાનો કોઈ ચાર્જ નથી લેવાતો તથા ગ્રાહકને તાજુ દૂધ અને છાશ સીધું ડેરીના માધ્યમથી સમયસર મળી રહેતું હોવાથી જૂના અને નવા ગ્રાહકો આ સેવાને ભરપૂર પ્રતિસાદ આપી રહ્યા છે. દૂધસાગર અને સહયોગ એ માત્ર મહેસાણામાં જ નહીં પણ સમગ્ર ઉત્તર ગુજરાત અને રાજ્યની સાથે ભારત અને વિશ્વમાં પોતાની ગુણવત્તાની એક અલગ છાપ ધરાવે છે. ત્યારે ; પ્રારંભીક તબક્કામાં મહેસાણા શહેરથી શરૂ થયેલ આ સર્વિસને જો સફળતા મળશે તો દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિસ્તારોને આવરી લેવાનું આયોજન હાથ ધરવામાં આવશે. આ APP ની સફળતા એ દૂધસાગરના કાર્યક્ષેત્રમાં મોટી રોજગારી ઉભી કરે તેની પણ સંભાવનાઓ જોવાઈ રહી છે. હાલમાં, ટ્રાયલ બેજ ઉપર શરૂ કરવામાં આવેલી આ સેવામાં ૧૫ ઓટોરિક્ષાઓને ખાનગી રાહે કામમાં લેવાઈ છે. તથા હાલમાં મેનેજમેન્ટ લેવલે ૧૦ માણસો ગ્રાહક નોંધણી - ઓર્ડર નોંધણી અને ડિલેવરી અંગે વહિવટીય કાર્યભાર સંભાળી રહ્યા છે. આમ, શરૂઆતના પ્રથમ તબક્કામાં જ ૨૫ થી ૨૭ વ્યક્તિઓને માત્ર મહેસાણામાં આ સેવાથી રોજગારી પ્રાપ્ત થઈ રહી છે. ત્યારે મેનેજમેન્ટના લક્ષ પ્રમાણે ટૂંક જ સમયમાં APP ના લોંચીંગ પછી પ્રતિદીન ૫૦ હજાર થેલી દૂધ અને છાશ વેચાવાની શક્યતા જોવાઈ રહી છે. આ રીતે દૂધસાગર પોતાના સ્થાનિક વેચાણથી ઓછા ખર્ચે વધુ લક્ષાંક પ્રાપ્ત કરી શકશે જેના પરિણામ લાંબા ગાળે જોવા મળશે અને સંઘ સાથે જોડાયેલા પશુપાલકોને આપણે સંતોષ પૂર્વકના દૂધના ભાવ આપી શકીશું તથા દૂધસાગર ના આર્થિક બોજને હળવો કરી શકીશું.

**DAIRY BOY APP** સંભાળતા એક અધિકારીના જણાવ્યા અનુસાર આ સેવા માટે ગ્રાહકો સમગ્ર માસની દૂધની કુપનો ખરીદી શકશે અને જો તેમ ન કરવું હોય તો આવતી કાલ સવાર માટેના જરૂરી દૂધનો ઓર્ડર આગળની સાંજે આપી ONLINE પેમેન્ટ કરી શકશે. **DAIRY BOY** ટીમ તરફથી ગ્રાહકના ઘર ના દરવાજે યોગ્ય સ્થાન ઉપર એક મિલ્ક બોક્ષ મૂકવામાં આવશે જ્યાં ગ્રાહકની જરૂરીયાત મુજબની ચીજવસ્તુઓ ડેરી બોય દ્વારા મૂકી દેવામાં આવશે. આ સેવા અંતર્ગત વહેલી સવારે અથવા સમગ્ર દિવસ દરમ્યાન ગ્રાહકને કોઈ અડચણ ન પડે તેનું શતઃપ્રતિશત ધ્યાન રાખવામાં આવશે તેમજ ગ્રાહક પાસે ONLINE પેમેન્ટ અને ઓર્ડરની સુવિધા હોવાથી પોતાના સમયે - પોતાની જરૂરીયાત પ્રમાણે ઓર્ડર આપી સમયસર તાજગી સભર દૂધ અને છાશ સહિતની ચીજવસ્તુઓ ગૃહિણીઓ ઘર બેઠાં મેળવી શકશે.

આ છે આપણી બદલાયેલી દૂધસાગર !! આ છે આપણી નવા યુગથી કદમ મિલાવતી દૂધસાગર !! આ છે આપણા નવા નેતૃત્વનો - નવો દ્રષ્ટિકોણ !! કોઈએ કહ્યું છે ને : **મન હોય તો માળવે જવાય**

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા